અમદાવાદ (ગ્રામ્ય)ના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.૩૬૯૨૮/૨૦૨૪**
આંક ........

**ફરીયાદીઃ–** શ્રી સરકાર
વિરૂધ્ધ
**આરોપીઃ–** સુજલભાઈ હરિકૃષ્ણભાઈ ઠક્કર

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ– ઈ. પી. કો. કલમ – ૨૭૯ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ.

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં દર્શાવેલ વિગતે પોતાના હવાલાવાળુ વાહન રોંગ સાઈડમાં પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી, ઈ. પી. કો. કલમ – ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે.

2. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત. ક. અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોઈ આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

3. ત. ક. અમલદાર દ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી. આર. પી. સી. ની કલમ – 207 મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

4. આ કામના આરોપીએ આજ રોજ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરસીસ આજ રોજ આપી ગુનો કબુલ કરવા માંગીએ છીએ તેમ જણાવેલ છે.

5. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક સામાજિક સ્થીતી તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતા સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે ઈ. પી. કો. કલમ – ૨૭૯ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.600/– (અંકે રૂપિયા છસો પુરા) નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 6 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪ મી માહે ડીસેમ્બર, ૨૦૨૪ નારોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪
અમદાવાદ.

**(એમ. એસ. સુતરીયા)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)નવરંગપુરા.
CODE NO : GJ 00846